**માન.ધારાસભ્યશ્રી ભરતભાઈ કિકુભાઈ પટેલ (વલસાડ)**

**અગ્રતા – ૧૨**

**પ્રશ્ન–૧: જીલ્લા પંચાયતોમાં મકાનો માટે યુનિટ કોસ્ટ વધારવામાં આવી છે ? જો હા તો કેટલી વધારવામાં આવી છે ? વલસાડ જીલ્લા પંચાયતની નવિન કચેરીમાં કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે ?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી રાજય સરકારશ્રી તરફથી મળતા અનુદાન અંગેની વાત કરૂ તો..**

પંચાયત વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૫ના ઠરાવથી મુજબ યુનિટ કોસ્ટ રૂ.૨૯.૪૦ કરોડ રાખવામાં આવેલ હતી. પરંતુ સમયાંત્તરે માલસામાન તેમજ મજુરીમાં ભાવવધારો થતાં યુનિટ કોસ્ટ વધારવા માટે રજુઆતો કરવામાં આવતી હતી જે વિગતો ધ્યાને લઈ પંચાયત વિભાગના તા.૨૮/૦3/૨૦૨3ના ઠરાવથી સને ૨૦૨૧–૨૨ ના એસ.ઓ.આર.ને અનુલક્ષીને જિલ્લા પંચાયત કચેરીના નવિન બાંધકામ માટે મહત્તમ રૂ.૩૮.૦૦ કરોડ યુનિટ કોસ્ટ નકકી કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી ..**

નવિન જિલ્લા પંચાયત કચેરીમાં સુવિધાઓ અંગે જણાવું તો આ નવીન જિલ્લા પંચાયતમાં ભોયતળીયા ઉપરાંત પાંચ માળ હશે.

નવીન બિલ્ડિંગ પબ્લિક લિફ્ટ, ઓફિસર લિફ્ટ, વી.વી.આઈ.પી લિફ્ટથી સજ્જ હશે. નવીન જિલ્લા પંચાયત ભવન ભૂકંપ પ્રતિરોધક આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચર મુજબ બનશે.

સદર જિલ્લા પંચાયત વલસાડની હાલ કાર્યરત કુલ ૨૧ શાખાઓનો નવા જિલ્લા પંચાયત ભવનમાં સમાવેશ કરવામાં આવશે  તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયતના વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ તથા જીલ્લા વિકાસ અધિકારી અને અન્ય અધિકારીશ્રીઓ  માટે પણ ઓફિસની ફાળવણી કરવામાં આવશે.

વધુમાં નવા બિલ્ડિંગમાં સોલાર પેનલ,ફાયર સેફ્ટી, ઇલેક્ટ્રિફિક્શન તથા ઓફિસ માટે ફર્નિચરની સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઓડિયો વિઝ્યુઅલ ટ્રેનિંગ સેન્ટર,કોન્ફરન્સ હોલ તથા મીટીંગ હૉલની સાથે નવું જિલ્લા પંચાયત ભવન

બનશે.બિલ્ડીંગમાં ઈન્ટરનલ આર.સી.સી.રોડ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સુવિધા પણ ઉપલબ્ધ થશે.

નવા જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં દિવ્યાંગ જનો માટે રેમ્પ(ઢાળ)ની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ સામાન્ય નાગરિક જનો માટે પીવાના પાણીની તથા ટોયલેટ બ્લોકનો સમાવેશ કરવામાં આવશે.

આ બિલ્ડિંગનું કામ ૧૪.૧૧.૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

# જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવિન મકાનની બ્રીફ નોટ

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવિન મકાન માટે સરકારશ્રી તરફથી મળેલ વહીવટી મંજૂરી | **તા.૧૬/૦૯/૨૦૨૧** **રૂા.૨૮,૨૯,૮૧,૦૦૦/-**(અંકે રૂપિયા અઠ્ઠાવીસ કરોડ ઓગણત્રીસ લાખ એક્યાસી હજાર પુરા) |
| ૨ | જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવિન મકાન માટે સરકારશ્રી તરફથી મળેલ રીવાઈઝ વહીવટી મંજૂરી | **તા.૦૯/૦૩/૨૦૨૨** **રૂા.૨૯,૩૮,૭૮,૧૦૦/-** (અંકે રૂપિયા ઓગણત્રીસ કરોડ આડત્રીસ લાખ ઇઠયોતેર હજાર એકસો પુરા) |
| ૩ | તાંત્રિક મંજૂરી | **તા.૧૩/૦૪/૨૦૨૨** **રૂા.૨૯,૩૮,૫૩,૧૦૦/-** (અંકે રૂપિયા ઓગણત્રીસ કરોડ આડત્રીસ લાખ ત્રેપ્પન હજાર એકસો પુરા) |
| ૪ | ટેન્ડર મંજૂરી | **તા.૧૯/૦૯/૨૦૨૨** **રૂા.૨૨,૩૮,૦૦,૫૩૨.૩૩** (બાવીસ કરોડ આડત્રીસ લાખ પાંચસો બત્રીસ રૂપીયા અને તેત્રીસ પૈસા) |
| ૫ | વર્ક ઓર્ડર | તા.૧૫/૦૫/૨૦૨૩ |
| ૬ | કામગીરી | • હાલમાં જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવિન મકાનના પ્લીન્થ લેવલનું કામ શરૂ છે.<br>• જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવિન મકાન બનાવવા માટે અત્યાર સુધીમાં કુલ રૂ.૭.૦૬ કરોડની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. |

# જિલ્લા પંચાયત, વલસાડના નવીન બાંધકામ અંગેની પુરક નોંધ
# (તબક્કાવાર બાંધકામની વિગત)

**જવાબ:-**

(૧) પંચાયત વિભાગનાં ઠરાવ ક્રમાંક : જપમ/ ૧૧૨૦૨૦/ ૪૩૦/૪, તા.૧૬/૦૯/૨૦૨૧ થી જિલ્લા પંચાયત કચેરી, વલસાડનાં નવીન મકાન જિલ્લા પંચાયત, વલસાડની કોલોનીમાં બાંધકામ માટે રૂ.૨૮,૨૯,૮૧,૦૦૦/- (અંકે રૂ. અઠીયાવીસ કરોડ ઓગણત્રીસ લાખ એકીયાસી હજાર પુરા) નું અનુદાન મંજુર થયેલ હતું.

(૨) ત્યારબાદ જિલ્લા પંચાયત, વલસાડની તા.૧૮/૧૧/૨૦૨૧ની ખાસ સામાન્ય સભામાં તત્કાલીન જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ દ્વારા જિલ્લા પંચાયત, વલસાડની કોલોની ના બદલે હયાત જિલ્લા પંચાયત કચેરીના સ્થળે જ નવીન જિલ્લા પંચાયતનાં મકાનનું બાંધકામ કરવા ઠરાવ ક્રમાંક - ૧૯ થી સર્વાનુમતે ઠરાવવામાં આવેલ.

(૩) ત્યારબાદ જિલ્લા પંચાયત, વલસાડનાં પત્રક્રમાંક: જિ.પં/પચય-૧/વશી/૧૨૬૨/૨૦૨૧ થી જિલ્લા પંચાયત કચેરી, વલસાડના નવીન મકાન બાંધકામની દરખાસ્ત વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્રક્રમાંક: વિક/કાર્યક્રમ/યુ-૧/જિ.પ.વલસાડ/ વશી/ ૯૨૨/

૨૦૨૧, તા.૨૩/૧૨/૨૦૨૧ થી નવીન જિલ્લા પંચાયત ભવન બનાવવા માટે દરખાસ્ત પંચાયત વિભાગમાં રજુ કરવામાં આવેલ.

(૫) પંચાયત વિભાગ ઠરાવ ક્રમાંક: જપમ/૧૧૨૦૨૦/૪૩૦/જ, તા.૦૯/૦૩/૨૦૨૨ થી જિલ્લા પંચાયત કચેરી, વલસાડનાં નવીન મકાન બાંધકામ માટે રૂ.૨૯,૩૮,૭૮,૧૦૦/- (અંકે રૂપિયા ઓગણત્રીસ કરોડ આડત્રીસ લાખ ઇથ્યોતેર હજાર એકસો પુરા) નું અનુદાન મંજુર થયેલ.

(૬) મુખ્ય ઇજનેરશ્રી(પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં પત્રક્રમાંક: એસઆરઆર-૨૦૨૨-૪૭-ડી.૨, તા.૧૩/૦૪/૨૦૨૨ થી જિલ્લા પંચાયત ભવન, વલસાડના નવીન મકાન બાંધકામ માટે રૂ.૨૯,૩૮,૫૩, ૩૦૦/- (અંકે રૂપિયા ઓગણત્રીસ કરોડ આડત્રીસ લાખ તેપ્પન હજાર ત્રણસો પુરા)ની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે.

(૭) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગનાં યાદી ક્રમાંક:એસઆરઆર/૨૦૨૨/૪૭/ડી.૨, તા.૧૯/૦૯/૨૦૨૨ થી સીડીપી-૩ યોજના હેઠળ જિલ્લા પંચાયત કચેરી, વલસાડનાં નવીન બાંધકામ માટે ઈજારદારશ્રી ડી.એચ. પટેલનાં રૂ.૨૨,૩૮,૦૦,૫૩૨.૩૩ (અંકે રૂપિયા બાવીસ કરોડ આડત્રીસ લાખ પાંચસો બત્રીસ અને તેત્રીસ પૈસા)નું ટેન્ડર મંજુર કરવા ભલામણ કરેલ.

(૮) સદર જિલ્લા પંચાયત, વલસાડનું નવીન બિલ્ડીંગનું બાંધકામ હયાત બિલ્ડીંગનાં પટાંગણમાં જ કરવાનું થતું હોય, તેમજ જિલ્લા પંચાયતના હયાત બિલ્ડીંગના પટાંગણમાં અલગ–અલગ બિલ્ડીંગો જેવી કે રાજીવ ગાંધી હોલ, આયુર્વેદ શાખા, સમાજકલ્યાણ શાખા અને આરોગ્ય શાખાની કચેરીઓની કામગીરી ચાલતી હોવાથી સ્ટાફને અન્ય સ્થળે સ્થળાંતર કરવા માટે નવી જગ્યા શોધવામાં વિલંબ થયેલ હોય, ત્યારબાદ ઉપરોક્ત મકાનોને તોડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જે કારણોસર વર્કઓર્ડર આપવામાં વિલંબ થયેલ છે.

(૯) ત્યારબાદ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વલસાડના પત્ર ક્રમાંક: ટીસી/ ૨૮૮૧/ ૨૦૨૩, તા.૧૫/૦૫/૨૦૨૩ થી મે. ડી. એચ. પટેલ, સુરતને જિલ્લા પંચાયત કચેરી, વલસાડનાં નવીન મકાન બાંધકામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

(૧૦) હાલમાં જિલ્લા પંચાયત કચેરી, વલસાડનાં એક બ્લોક માટે ફાઉન્ડેશન, પ્લીન્થ અને પ્રથમ સ્લેબની કામગીરી પૂર્ણ કરી બીજા સ્લેબની કામગીરી કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.